# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૫ તા.૨૬-૬-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પાછલા વર્ષોમાં આપણે સૌએ ગણિત અને વિજ્ઞાન મંડળને સક્રિય અમલવારી કરતાં વિદ્યાર્થીઓમાં ગણિત અને વિજ્ઞાન વિષય પ્રત્યે રસ, રૂચિ જગાવી છે. જેના પરિણામે વિદ્યાર્થીઓમાં ગણિત અને વિજ્ઞાન વિષયની અધ્યયન નિષ્પતિમાં અપેક્ષિત સુધારા થયા છે.

ચાલુ વર્ષે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદની ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ભાષા મંડળ અને સામાજિક વિજ્ઞાન મંડળની સઘન પ્રવૃત્તિનું વિશેષ આયોજન કરવામાં આવેલ છે.

ગણિત વિજ્ઞાન મંડળની જેમ જ દરેક શાળામાં ભાષા મંડળ અને સામાજિક વિજ્ઞાન મંડળની રચના કરવી. આ મંડળોમાં જે તે વિષયના તમામ વિષય શિક્ષકો, ધો. ૬,૭,૮ના જે તે વિષયમાં રસ લેતાં ૫ વિદ્યાર્થીઓ અને મુખ્યશિક્ષકનો સમાવેશ કરવો.

ભાષા મંડળની પ્રથમ પ્રવૃત્તિ તરીકે આપ સૌએ તા.૧૬ જુન થી ૨૧ જુન દરમ્યાન "ડોનેટ ટુ રીડ" કાર્યક્રમ અંતર્ગત સુંદર પ્રયત્ન કરીને ૧,૬૫,૦૦૦ કરતાં વધારે પુસ્તકો એકત્ર કરયા છે. આ સુંદર કામગીરી બદલ આપ સૌ શિક્ષકોને અભિનંદન. આપ સૌએ એકત્ર કરેલા પુસ્તકો માટે નીચેની બાબતો અંગે કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

૧. આ અભિયાન અંતર્ગત તમારી શાળાએ એકત્ર કરેલ પુસ્તકો માટે એક અલાયદું **<u>ડેડ સ્ટોક રજીસ્ટર</u>** અને **<u>વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પુસ્તક વાંચનનું ઈશ્યુ રજીસ્ટર</u>** નિભાવવાનું રહેશે. આ બંને રજીસ્ટર તમારા ઝોન મદદનીશ શાસનાધિકારીશ્રી જોડે તા.૩૦-૦૬-૨૦૧૮ સુધીમાં પ્રમાણિત કરાવી લેવા.

૨. આ પુસ્તકોને નીચેના વિભાગોમાં વર્ગીકૃત કરીને રજીસ્ટરમાં નોંધશો.

વિભાગ ૧ :- ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે

વિભાગ ૨ :- ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે

વિભાગ ૩ :- ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે

વિભાગ ૪ :- શિક્ષકો અને શાળા માટેનું ઉપયોગી સાહિત્ય

(નોંધ : ઉપરોક્ત ચાર વિભાગોમાં પણ બાળ સાહિત્ય, ચરિત્ર શ્રેણી, જ્ઞાનકોષ, જોડણીકોષ, વિજ્ઞાન, પ્રાણી સૃષ્ટિ, વનસ્પતિ સૃષ્ટિ, ખગોળ, સાહિત્ય, કાવ્યો, નાટય સંગ્રહો, નવલિકા, નવલકથા, સુવિચાર સંગ્રહ, આત્મકથા, જીવનકથા, પ્રવાસ વર્ણન, ઈતિહાસ, ઐતિહાસિક અને સામાયિક જેવાં વિભાગોમાં પેટા વર્ગીકરણ કરી શકાય.)

આ સિવાયના પુસ્તકો કે જે શાળાઓને ઉપયોગી ન હોય તેવા પુસ્તકોની અલગથી નોંધ કરીને તેની યાદી તા.૩૦-૦૬-૨૦૧૮ સુધીમાં સુપરવાઈઝરશ્રી મારફતે ઝોનમાં રજુ કરવી. શાળાને ઉપયોગી નથી તેવા પુસ્તકો માટે હવે પછીથી સુચના આપવામાં આવશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

| ભાષા | શાળાએ એકત્ર કરેલા પુસ્તકોનું વર્ગીકરણ | | | | | કુલ પુસ્તકો |
|---|---|---|---|---|---|---|
| | વિભાગ -૧ | વિભાગ-૨ | વિભાગ-૩ | વિભાગ-૪ | શાળા ઉપયોગી નથી તેવા પુસ્તકો | |
| ગુજરાતી | | | | | | |
| હિન્દી | | | | | | |
| અંગ્રેજી | | | | | | |
| ઉર્દૂ | | | | | | |
| સંસ્કૃત | | | | | | |
| અન્ય ભાષાઓ | | | | | | |
| કુલ પુસ્તકો | | | | | | |

૩. જુલાઈ-૨૦૧૮ અને ઓગસ્ટ-૨૦૧૮ માસ દરમ્યાન તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ખાસ ઝુંબેશ સ્વરૂપે આ પુસ્તકોનું મહત્તમ વાંચન થાય તે માટે શાળાકક્ષાએ જરૂરી સૂક્ષ્મ આયોજન કરવાનું રહેશે. વાંચેલા પુસ્તકો માટે દરેક બાળક ૨ થી ૩ ફકરાની એક નોંધ બનાવે અને તેની નોંધ વર્ગશિક્ષકશ્રી રાખે તેવું આયોજન કરવું.

૪. પ્રાર્થના કાર્યક્રમનું બાળકો અને શિક્ષકશ્રીઓ દ્વારા વાંચેલા પુસ્તકોની "પુસ્તક સમીક્ષા" સ્વરૂપે ચર્ચા કરવી અને કરાવવી.

૫. સપ્ટેમ્બર માસથી શાળાના તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ દર માસે ઓછામાં ઓછું એક પુસ્તક ફરજીયાત વાંચે તેવી વ્યવસ્થા કરવી. દિવાળી અને ઉનાળું વેકેશન સમયગાળામાં વિદ્યાર્થીઓ રસ અનુસાર મહત્તમ પુસ્તકો વાંચવા માટે પ્રેરાય તેવું આયોજન ફરજીયાત રીતે કરવું. આમ એક શૈક્ષણિક વર્ષના અંતે એક બાળક ઓછામાં ઓછા ૧૨ પુસ્તકો વાંચે તેવું આયોજન કરવું.

૬. દર માસે છેલ્લા શનિવારે યોજાતી બાલસભામાં બાળકોના વાંચન શોખને પ્રોત્સાહન આપે તેવી પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ સુપરવાઇઝરશ્રીના માર્ગદર્શનમાં યોજવી.

તા.૨૬-૦૬-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી